GJKT120007012011 આંક–૧૦૪

સમયગાળો:– વર્ષ માસ દિવસ

(નમુનો:–અ)

મહે. અધિક ચીફ જયુડીશ્ચલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, નલીયા–કચ્છ		
(કે.આર.ગોહેલ) અધિક ચીફ જયુડીશ્ચલ મેજીસ્ટ્રેટ,નલીયા–કચ્છ		
ચુકાદાની તારીખ	:	તા.૧૧/૦૫/૨૦૨૬
ફોજદારી કેસ નં.	:	૭૯૫/૨૦૧૧
એફ.આઇ.આર.નં.	:	--
ગુનો	:	**ભારતીય દંડ સંહીતાની કલમ ૪૦૬,૪૨૦ મુજબનો**

ફરીયાદી	:	હનુમાનગીરી સોચદગીરી ગુંસાઈ
વિધ્વાન વકીલશ્રી	:	શ્રી બી.એન.હોથી
આરોપી	:	શ્રીમતી મહેન્દ્રકૌર બલદેવસિંગ શીખ રહે. પેટ્રોલ પંપથી પુર્વ સાઈડ, ખેતી ફાર્મની સામે, કોલસા ફકેટરીની પાછળ,કોઠારા વાડી વીસ્તાર,કોઠારા,તા.અબડાસા–કચ્છ
આરોપીના વિધ્વાન વકીલશ્રી	:	એ.એચ.લોધ્રા

(નમુનો:–બ)

ગુનાની તારીખ	:	
ફરીયાદની તારીખ	:	તા.૨૬/૦૪/૨૦૧૦
ચાર્જશીટની તારીખ	:	--
ચાર્જફ્રેમની તારીખ	:	તા.૧૭/૦૯/૨૦૨૨

પુરાવો શરુ થયાની તારીખ	:	તા.૧૭/૦૯/૨૦૨૨
ચુકાદા માટે રાખવાની તારીખ	:	તા.૧૧/૦૫/૨૦૨૬
ચુકાદાની તારીખ	:	તા.૧૧/૦૫/૨૦૨૬
સજા કરી હોય તો સજા તારીખ	:	--

આરોપીની વિગત

નં.	આરોપીનું નામ	અટક કર્યા તારીખ	જામીન પર છોડયા તારીખ	ગુનો	તકસી રવાન / નિર્દોષ	સજા	સી.આર.પી.સી. ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય
૧	શ્રીમતી મહેન્દ્રકૌર બલદેવસિંગ શીખ રહે. પેટ્રોલ પંપથી પુર્વ સાઈડે, ખેતી ફાર્મની સામે, કોલસા ફકેટરીની પાછળ,કોઠારા વાડી વીસ્તાર,કોઠારા,તા.અબડાસા-કચ્છ	--	--	**ઈ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦**	નિર્દોષ	-	--

<u>ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહદોનું લીસ્ટ</u>

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

સાહેદ નં.	નામ	સાહેદનો પ્રકાર	આંક
૧	હનુમાનગીરી સોમચંદગીરી ગુસાઇ	ફરીયાદી	૨૯

(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

સાહેદ નં.	નામ	સાહેદનો પ્રકાર	આંક

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

સાહેદ નં.	નામ	સાહેદનો પ્રકાર	આંક

<u>ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:-</u>

(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

નં.	આંક	દસ્તાવેજની વિગત
૧	૧૦	અસલ સાટા કરાર
૨	૧૧	આરોપીએ આપેલ જવાબ
૩	૩૦	નોટીસ પરત ફરેલાનું કવર
૪	૩૧	લીગલ નોટીસની સ્થળપ્રત
૫	૩૨	વેચાણ દસ્તાવેજ નં. ૧૮૪૯ ની ખરી નકલ

(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

નં.	આંક	દસ્તાવેજની વિગત

(સી) કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

નં.	આંક	દસ્તાવેજની વિગત
–		–

–:: ચુકાદો ::–

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના ફરીયાદી હનુમાનગીરી સોમચંદગીરી ગુસાઈ નાઓએ કોર્ટમાં ફરીયાદ દાખલ કરી રજુઆત કરેલ છે કે, આરોપીએ ફરીયાદી સાથે કોઠારા (અબડાસા) ની સીમ મધ્યે આવેલ ખેડવાણ જમીનો (૧) સર્વે નં.૮૫૬/૧ ક્ષેત્રફળ ૩–૨૦–૮૧ આકાર ૮.૯૧ તથા (૨) સર્વે નં.૮૫૬/૨ ક્ષેત્રફળ ૧.૧૦–૪૦ આકાર ૨.૮૧, એક બોર અને ૨૦ હોર્સ પાવરના કનેકશન સહિત તા.૩૦/૦૫/૨૦૦૮ ના સોદો કરેલ અને સદર સોદો પ્રતિ એકરે રૂ.૨,૦૦,૦૦૦/– ભાવથી કરેલ અને આ કામના આરોપીએ રૂ.૫૦,૦૦૦/– સુથી પેટે અને તા.૦૨/૦૭/૨૦૦૮ ના રોજ સાટા કરારની શરત મુજબ રૂ.૨,૫૦,૦૦૦/– મળીને કુલ્લે રૂ.૩,૦૦,૦૦૦/– આપેલ અને સદર સાટા કરારની મુદતે એટલે કે તા.૧૫/૦૧/૨૦૦૯ ના રોજ ટાઈટલ કલીયર કરાવી દેવાની ખાત્રી દસ્તાવેજ નોંધાવી આપવાનો હતો પરંતુ દસ્તાવેજ નોંધાવી આપવા આ કામના આરોપી ગલ્લા તલ્લા કરેલ અને ફરીયાદીને શંકા જતા માહીતી મળેલ કે ઉક્ત કામો આરોપીએ વેચી નાખેલ છે જેથી તા.૧૦/૦૨/૨૦૧૦ ના રોજ આરોપીને નોટીસ પાઠવેલ અને તા.૨૩/૦૩/૨૦૧૦ ના રોજ ફરી એડ્રેસ નોટીસ કરેલ, આ કામના આરોપીએ તા.૬/૦૪/૨૦૧૦ જવાબ આપેલ અને સદર ઠામો પૈકી સ.નં.૮૫૬/૧ વાળું ઠામ નખત્રાણાના સોની પ્રભાબેન મણિલાલને તા.૧૩/૦૬/૨૦૦૬ ના વેચાણ આપી દિધેલ. આમ આ કામના આરોપીએ પોતાની જમીન અગાઉ વેંચી નાખી ફરીયાદી સાથે તેજ ઠામ સર્વે નં.૮૫૬/૧ નો સોદો કરી ફરીયાદી પાસેથી રૂ.૫૦,૦૦૦/– સુથીના અને ત્યારબાદ સાટા કરારની મુદત મુજબના રૂ.૨,૫૦,૦૦૦/– એમ મળી કુલ્લે રૂ.૩,૦૦,૦૦૦/– ઓળવી જઈ ફરીયાદી સાથે ઠગાઈ અને વિશ્વાસઘાત કરી

અને સદર સર્વે નં.૮૫૬/૧ વાળું ઠામ સોની પ્રભાબેન મણિલાલની માલીકીનું થઈ જવા છતા ફરીયાદી સાથે સોદો કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬,૪૨૦ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.ફરીયાદીએ ઉપરોકત ફરીયાદ દાખલ કરતાં સદર ફરીયાદ અંગે ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ ની કલમ ૨૦૨ અન્વયે પોલીસ તપાસમાં મોકલવાનો હુકમ કરવામાં આવેલ.ત્યારબાદ હાલના કામે ત.ક.અ.શ્રી ધ્વારા રીપોર્ટ કરતાં સદર કામે આરોપીઓ વિરુધ્ધ પ્રથમદર્શનીય કેસ જણાઈ આવતો હોય આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૪૦૬, ૪૨૦ મુજબના ગુનાનું સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામે ચાર્જ અંગેનો પુરાવો નોંધી આંક–૮૧ થી આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવી આરોપીની આંક–૮૨ થી પ્લી રેકર્ડ કરતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે, આથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે પુરાવો પુરો થતાં આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવતાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી, તેઓ સોગંદ પર જુબાની આપવા માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેમજ વિશેષમાં કાંઇ કહેવું છે તેવા સવાલના જવાબમાં તેઓ નિર્દોષ વ્યકિત છે તેઓએ આવો કહેવાતો ગુનો કરેલ નથી તેમ જણાવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે વકીલશ્રી બી.એન.હોથી નાઓએ મૌખિક દલીલ કરી જણાવેલ છે કે, ફરીયાદી અને આરોપી વચ્ચે આંક–૧૦ રજુ થયેલ સાટા કરાર થયેલ હતો તે હકીકત ફરીયાદી પુરાવો આપીને સાબીત કરી શકેલ છે અને આ સાટા કરાર થયો તે પહેલાં જ આરોપીએ આ મિલ્કત સોની પ્રભાબેન મણીલાલ નામની વ્યકિતને વેચાણ આપેલ હતી તે હકીકત પણ ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે જેથી આ તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયોચીત સજા કરવી જોઇએ.

ત્યારબાદ બચાવપક્ષે તેમની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે,ફરીયાદપક્ષે આંક–૧૦ વાળા તકરારી સાટા કરારના કોઈ પણ સાક્ષીને કે સાટા કરનારમાં કરેલ નોટરીના સહી સીકકા વાળા નોટરીને આ કામે તપાસેલ નથી. આ સાટા કરારમાં જે રૂા. ૫૦,૦૦૦/– આપ્યા હોવાનું વર્ણન કરવામાં આવેલ છે તેવી કોઈ રકમ ફરીયાદીએ આરોપીને આપેલ હોય તેવું ફરીયાદી સ્પષ્ટ પુરવાર કરી શકેલ નથી. કારણકે ફરીયાદી આ બાબતે તેમની ઉલટ તપાસ દરમ્યાન વિભીન્ન અને વિરોધાભાષી હકીકતો જણાવે છે. આમ, ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમ માની આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ પરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

:: મુદા ::

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરીયાદી સાથે કોઠારા (અબડાસા) ની સીમ મધ્યે આવેલ ખેડવાણ જમીનો (૧) સર્વે નં.૮૫૬/૧ ક્ષેત્રફળ ૩–૨૦–૮૧ આકાર ૮.૯૧ તથા (૨) સર્વે નં.૮૫૬/૨ ક્ષેત્રફળ ૧. ૧૦–૪૦ આકાર ૨.૮૧, એક બોર અને ૨૦ હોર્સ પાવરના કનેકશન સહિત તા.૩૦/૦૫/૨૦૦૮ ના સોદો કરેલ અને સદર સોદો પ્રતિ એકરે રૂ.૨,૦૦,૦૦૦/– ભાવથી કરેલ અને આ કામના આરોપીએ રૂ.૫૦,૦૦૦/– સુથી પેટે અને તા.૦૨/૦૭/૨૦૦૮ ના રોજ સાટા કરારની શરત મુજબ રૂ.૨,૫૦,૦૦૦/– મળીને કુલ્લે રૂ.૩,૦૦,૦૦૦/– આપેલ અને સદર સાટા કરારની મુદતે એટલે કે તા.૧૫/૦૧/૨૦૦૯ ના રોજ ટાઈટલ કલીયર કરાવી દેવાની ખાત્રી દસ્તાવેજ નોંધાવી આપવાનો હતો પરંતુ દસ્તાવેજ નોંધાવી આપવા આ કામના આરોપી ગલ્લા તલ્લા કરેલ અને ફરીયાદીને શંકા જતા તપાસ કરતાં માહીતી મળેલ કે ઉક્ત ઠામ પૈકી સર્વે નં. ૮૫૬/૧ વાળું ઠામ આરોપીએ નખત્રાણાના સોની પ્રભાબેન

મણિલાલને તા.૧૩/૦૬/૨૦૦૬ ના વેચાણ આપી દિધેલ અને આરોપીએ ફરીયાદીના રૂ.૩,૦૦,૦૦૦/– ઓળવી જઈ ફરીયાદી સાથે ઠગાઈ અને વિશ્વાસઘાત કરી સર્વે નં.૮૫૬/૧ વાળું ઠામ સોની પ્રભાબેન મણિલાલની માલીકીનું થઈ જવા છતા ફરીયાદી સાથે સોદો કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬,૪૨૦ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયના કારણો અને તારણો નીચે મુજબ છે.

<u>–:: નિર્ણયો ::–</u>

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

–:: નિર્ણય માટેના કારણો ::–

<u>મુદા નં. ૧:–</u>

(૭) ફોજદારી કાર્યવાહીમાં પુરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવામાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપી પર બેસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો ન્યાયલય સમક્ષ પડેલ બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તીત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબિત થયેલ ગણાય. હાલના કામે

આરોપી વિરુધ્ધ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦ મુજબના ગુનાનો આક્ષેપ હોય સદરહુ કલમ અન્વયે આવશ્યક તત્વો મુજબના ગુનો સાબિત કરવા ફરીયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ તથા ૧૦૨ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. જયારે, ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઇ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીઓએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૮) આ કામે રેકર્ડ પર આવેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તે પહેલાં કેટલાંક પ્રસ્થાપિત કરવામા આવેલ સિધ્ધાંત ટાંકવા જરૂરી જણાય છે. જે ધ્યાને લેતાં, ભારતીય ક્રિમિનલ જસ્ટિસ સીસ્ટમ તથા ક્રિમિનલ જયુરિસપ્રુડન્સ મુજબ ફરીયાદપક્ષે તેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં ફરીયાદ પક્ષે તેમનો કેસ સીધા પુરાવા કે સાંયોગિક પુરાવાથી સાબિત કરવાનો રહે છે. વધુમાં કોઇપણ દંડાત્મક કાનુનનું અર્થઘટન કરતી વખતે તેને "Strictly Construed" એટલે કે ચુસ્ત અથવા તો ચોકકસાઇ પૂર્વક અર્થધટન કરવાનું રહે છે અને "Litera Legis" એટલે કે કાયદાનું અક્ષરશ: પાલન કરવાનું રહે છે.

ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ વ્યાજબી શંકાથી પર એટલે કે Beyond Reasonable Doubt સાબિત કરવાનો રહે છે અને કોઈપણ ભૂલભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે, જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક સામાન્ય માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતાં એવા નિર્ણય પર પહોંચે કે આરોપી વ્યાજબી શકથી પર ગુનેગાર છે. જે અન્વયે પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે નામદાર સુપ્રિમ કોર્ટ દ્ધારા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેવાં જોઇએ. જે અન્વયે જયંતિલાલ કુબેરદાસ શર્મા વિ. ગુજરાત રાજય (૨૦૦૭) ૧ જી.એલ.આર. ૯૯ ધ્યાને લેતાં તેમાં જણાવેલ છે કે ‘ A Judge does

not preside over a criminal trial merely to see that no innocent men punished, a Judge also preside to see that guilty man does not escape. Both are public duty. the proof beyond reasonable doubt is mers guidable and not fetish. Reasonable doubt is not an imaginary, trival, or merely possible doubt, but a fare doubt based upon reason and common sense.'

આમ, રિઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલિત થતો હોવો જોઈએ અને તે કાલ્પનિક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી ફકત શંકા જ નહી પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સંડોવણી કે આરોપીના ગુનાકીય કૃત્ય માટે ઊભી થયેલ હોવી જોઈએ.

(૯) આ કામે આરોપીઓ સામે આક્ષેપાયેલ ભારતીય દંડ સંહીતાની કલમ ૪૦૬, ૪૨૦ ની વ્યાખ્યા તેમજ તેના મહત્વના તત્વો હાલના તબકકે ઘ્યાને લેવા ખુબ જ મહત્વના હોય જે નીચે મુજબ છે.

કલમ–૪૦૬ .– ગુન્હાહીત વિશ્વાસઘાત માટે સજા:– કોઈ પણ વ્યક્તિ, ગુન્હાહિત વિશ્વાસઘાત કરે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

તત્વો:–

૧. આરોપીને કોઈ મિલકત સોંપવામાં આવી હતી,

૨. આરોપીનો તે મિલકત પર તે મુજબ અધિકાર હતો,

૩. આરોપીએ તે મિલકતની ઉચાપત કરી અથવા તેને પોતાના ઉપયોગમાં લીધી અથવા અન્ય વ્યક્તિને તેના ઉપયોગમાં જાણીબૂજીને લેવા દીધી,

૪. આરોપીએ આવું કૃત્ય અપ્રમાણિકપણે કર્યું,

૫. આરોપીએ આવું કૃત્ય અમલ કરવાની પદ્ધતિ દર્શાવતા કાનૂની આદેશ વિરુદ્ધ કર્યું અથવા કોઈ ટ્રસ્ટની મિલકત હોય ત્યારે તે

મિલકતને લગતા સ્પષ્ટ અથવા કોઈ ગર્ભિત કાનૂની કરારના આદેશનું ઉલ્લંઘન કરીને આરોપીએ આવું કૃત્ય કર્યું,

૪૨૦. ઠગાઈ અથવા અપ્રમાણિકપણે મિલકત સોંપવા લાલચ આપવી. :–

કોઈ પણ વ્યક્તિ, ઠગાઈ કરે તથા તેમ કરીને કોઈને મિલકત આપી દેવા અથવા કોઈ કીમતી જામીનગીરી અથવા સહી કે સિક્કો કરેલી તથા કીમતી જામીનગીરીમાં પરિવર્તિત કરી શકાય તેવી કોઈ વસ્તુ સંપૂર્ણપણે અથવા આંશિક રીતે કરી આપવા, તેમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યક્તિને અપ્રમાણિકપણે લલચાવે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

તત્વો:–

૧. આરોપીએ ફરિયાદી સાથે ઠગાઈ કરી,

૨. આરોપીએ આવું કૃત્ય અપ્રમાણિકપણે કર્યું,

૩. આરોપીએ અપ્રમાણિકપણે છેતરાયેલી વ્યક્તિને લલચાવીને કોઈ મિલકત આપી દેવા અથવા કોઈ કીંમતી જામીનગીરી અથવા સહી કે સિક્કો કરેલી ચીજ જેને કીમતી જામીનગીરીમાં પરિવર્તિત કરી શકાય તેવી વસ્તુ સંપૂર્ણપણે અથવા આંશિક રીતે આપી દેવા માટે ઠગાઈ કરી, અથવા

૪. આરોપીએ તેમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યક્તિને અપ્રમાણિકપણે લલચાવી.

(૧૦) ફરીયાદપક્ષે આરોપી સામે ગુનો પુરવાર કરવા માટે આંક ૨૯ થી સોગંદપર મૌખિક જુબાની રજુ કરેલ છે જેમા જણાવે છે કે હાલનો કેસ તેઓએ મહેનદ્રકોર બલદેવસિંધ સામે કરેલ છે તેમની પાસેથી ફરીયાદીએ જમીન ખરીદવાનો સોદો કરેલ જે જમીન કોઠારા તા.અબડાસામાં સર્વે નં.૮૫૬/૧, ૮૫૬/૨ વાળી છે તે જમીન ફરીયાદીએ રૂા.૨,૦૦,૦૦૦/– પ્રતિ એકરે વેચાણ રાખવાનો સોદો કરેલ. ફરીયાદીએ સોદા પેટે રૂા.૫૦,૦૦૦/– ચુકવેલા અને આરોપી પાસેથી વેચાણ અંગેનું

સાટા કરાર તા.૩૦/૦૫/૨૦૦૮ માં કરાવેલ. આ સાટા કરાર નોટરાઈઝડ થયેલ હતો તેમા નોટરી તરીકે વિમળાબેન આશરની સહી છે. ફરીયાદીએ જણાવ્યા મુજબ આંક-૧૦ થી રજુ થયેલ આ સાટા કરાર મુજબ બાકીની રકમ રૂા.૨,૫૦,૦૦૦/- તા.૦૨/૦૭/૨૦૦૮ સુધીમાં ચુકવવાની હતી જે રકમ ફરીયાદીએ ચુકવી આપેલી. પરંતું આરોપીએ તા.૦૫/૦૧/૨૦૦૯ ના રોજ દસ્તાવેજ કરી આપેલ નહી. ફરીયાદીએ જણાવ્યા મુજબ તેમને પાછળથી જાણવા મળેલ કે આરોપીએ જમીન સોની પ્રભાબેનને સને ૨૦૦૬ માં વેચાણ આપી દીધેલ છે.

આમ ફરીયાદીએ પોતાની સરતપાસ દરમ્યાન બાનાખત સમયે રૂા.૫૦,૦૦૦/- અને ત્યારબાદ તા.૦૨/૦૭/૨૦૦૮ ના રોજ રૂા.૨,૫૦,૦૦૦/- આરોપીને ચુકવી આપેલ હોવાની હકીકતો જણાવે છે પરંતું આ સદર્ભે ફરીયાદી તરફે કોઈ જ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. આથી વિશેષ જયારે ફરીયાદીની ઉલટતપાસ જોવામાં આવે તો ફરીયાદીએ પોતાની ઉલટતપાસ દરમ્યાન રૂા.૫૦,૦૦૦/- ફરીયાદીને કયારે આપેલ હતા તે બાબતે સરતપાસમાં જણાવેલ હકીકતોથી વિપરીત અને વિરોધ્ધાભાષી હકીકતો જણાવેલ છે જેમ કે ફરીયાદી સૌપ્રથમ રૂા.૫૦,૦૦૦/- ની લેવડ-દેવડ સાટા કરારના દિવસે થયેલ હોવાનું જણાવે છે જયારે ત્યારબાદ સાટા કરારના રૂપિયાનો વ્યવહાર પહેલે થયેલ હોવાનું અને તેના એક માસ(મહીના) બાદ સાટા કરાર થયેલ હોવાનું જણાવે છે. આમ ખરેખરમાં ફરીયાદીએ તેઓ જણાવે છે તેવી કોઈ રકમ આરોપીને આપેલ હોય તે બાબતે એક વાજબી શંકા ઉત્પન્ન થાય છે. તકરારી બાનાખત આંક-૧૦ થી રેકર્ડ પર રજુ થયેલ છે પરંતું આ કામના ફરીયાદી દ્વારા સાટા કરાર માં રહેલ સાક્ષીઓ કે આ સાટા કરાર નોટરાઈઝડ કરનાર એડવોકેટને પણ તપાસવા આવેલ નથી આવા સંજોગોમાં પણ ફરીયાદી અને આરોપી વચ્ચે ફરીયાદી જણાવે છે તેવી રકમોનું વ્યવહાર થયેલ છે કે કેમ તે સ્પષ્ટરૂપે સાબિત થતું નથી અને સાથે સાથે સાટા કરારમાં જણાવેલ વિગતો પણ પુરવાર થતી નથી.

(૧૨) હવે, આ કામે ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપી સાથે

ફરીયાદમાં દર્શાવેલ કોઠારા સીમના સર્વે નં. ૮૫૬/૧ તથા ૮૫૬/૨ વાળી જમીનના વેચાણ અંગે સાટા કરાર થયેલ અને ફરીયાદીએ રૂા. ૫૦,૦૦૦/– સુથી પેટે આપેલ અને તા.૦૨/૦૭/૦૮ ના રોજ સાટા કરારની શરત મુજબ રૂા. ૨,૫૦,૦૦૦/– મળી કુલ્લ રૂા. ૩,૦૦,૦૦૦/– આરોપી ઓળવી ગયેલ હોવાની ફરીયાદીની ફરીયાદ છે. હવે, ફરીયાદીની ફરીયાદ રજુ થયેલ પુરાવા અને ભારતીય દંડ સંહીતાની કલમ ૪૦૬ તથા ૪૨૦ ના તત્વોનું એકીસાથે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદીએ તેમની ફરીયાદમાં રૂા. ૫૦,૦૦૦/– સુથી પેટે આપેલ અને તા.૦૨/૦૭/૦૮ ના રોજ સાટા કરારની શરત મુજબ રૂા. ૨,૫૦,૦૦૦/– મળી કુલ્લ રૂા. ૩,૦૦,૦૦૦/– આરોપી ઓળવી ગયેલ હોવાની રજુઆત કરેલ છે. હવે, આ તબકકે ફરીયાદીની આરોપીપક્ષે થયેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, ‘ સાટા કરારના દિવસે રૂા. ૫૦,૦૦૦/– ની લેવડ દેવડ થયેલ, સાટા કરારના રૂા. ૫૦,૦૦૦/– નો વ્યવહાર મહેન્દ્રકૌરના ધરે થયેલ, આ સાટા કરારના રૂપીયાની લેતી દેતી મહેન્દ્રકૌરની વાડીએ થયેલ, સાટા કરારના પૈસાનો વ્યવહાર થયેલ તેના એક મહીના પછી સાટા કરાર થયેલ’. આમ, ફરીયાદી ધ્વારા ખુદ સાટા કરાર મુજબના રૂપીયા આરોપીને કયારે આપેલ તે અંગે સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર રજુ કરેલ નથી અને ફરીયાદીનો ખુદનો જ પુરાવો વિરોધાભાષી પુરાવો રેકર્ડ પર આવેલ છે. આમ, ફરીયાદપક્ષ સાટા કરારના રૂપીયા ફરીયાદીએ આરોપીને આપેલ છે તે કયારે આપેલ છે? તે સમયે કોઇ હાજર હતું કે નહીં અને કઇ જગ્યાએ આપેલ છે? તે અંગે કોઇ જ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર રજુ કરી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આ કામે કહેવાતા નોટરી વિમળાબેન આશર કે જેઓની ઓફીસમાં સાટા કરાર થયેલ હોવાનું ફરીયાદીનું કથન છે તેવા નોટરીને કોર્ટ રુબરુ તપાસેલ નથી. તેમજ, આ કામે આંક–૧૦ થી રજુ થયેલ સાટા કરારના સાક્ષીઓને પણ કોર્ટ સમક્ષ તપાસેલ નથી. આમ, ફરીયાદી ધ્વારા આરોપીને સાટા કરાર મુજબ રૂા. ૫૦,૦૦૦/– ત્યારબાદ રૂા. ૨,૫૦,૦૦૦/– ચુકવેલ હોય તેવી હકીકત રેકર્ડ પર ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આ તબકકે જયારે

ભારતીય દંડ સંહીતાની કલમ ૪૦૬,૪૨૦ ના તત્વો ધ્યાને લેવામાં આવે તો આરોપી ધ્વારા ફરીયાદીના રૂપીયા લીધેલ હોય અને ફરીયાદી સાથે ઠગાઇ કરી નુકશાન કરેલ હોય તેવી હકીકત રેકર્ડ પર ફલીત થતી નથી કારણકે ખુદ ફરીયાદીનો પુરાવો ઉપર નોંધ્યુ તેમ વિરોધાભાષી પુરાવો રેકર્ડ પર આવે છે. આ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ મુદા નં. ૧ પુરવાર કરી શકેલ ન હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં. ૨ લગત નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

:: હુકમ ::

૧: આ કામના આરોપી શ્રીમતી મહેન્દ્રકૌર બલદેવસિંગ શીખ,રહે. પેટ્રોલ પંપથી પુર્વ સાઇડે, ખેતી ફાર્મની સામે, કોલસા ફકેટરીની પાછળ,કોઠારા વાડી વીસ્તાર,કોઠારા,તા.અબડાસા-કચ્છ નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ -૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા કલમ-૪૦૬,૪૨૦મુજબ ના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨: આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) અન્વયે, જે તે અદાલત સમક્ષ આ હુકમની સામે અપીલ કે, રીવીઝનના કામે છ માસ સુધીના રૂા.૧૫૦૦૦/-(અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જાતમુચરકા તથા તેટલી જ રકમના સદ્ધર જામીન રજુ કરવા.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૫/૨૦૨૬
નલીયા-કચ્છ.

(કે.આર. ગોહેલ)
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
નલીયા-કચ્છ.
કોડ : ૦૧૧૬૨